# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 17-05-2025 Day: Saturday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## બહુપક્ષીય પ્રતિનિધિમંડળ

**કેન્દ્ર સરકાર 'ઑપરેશન સિંદૂર' બાદ પાકિસ્તાન સમર્થક આતંકવાદ સામે ભારતના દ્રષ્ટિકોણને રજૂ કરવા સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળને વિવિધ દેશમાં મોકલશે. આ પ્રતિનિધિમંડળ આ મહિનાના અંતમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિસદના સભ્યો સહિત મહત્વના સહયોગી દેશની મુલાકાત લેશે. તેમાં વિવિધ રાજકીય પાર્ટીઓના સાંસદ અને પ્રતિષ્ઠિત રાજદ્વારી સામેલ થશે.**

**આ પ્રતિનિધિમંડળમાં કૉંગ્રેસ સાંસદ શશિ થરુર , ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદ, જનતા દળ યુનાઈટેડના સાંસદ સંજય કુમાર ઝા , ભાજપ સાંસદ વૈજયન્તી પન્ડા, ડીએમકે સાંસદ કનિમોઝી, NCPના સાંસદ સુપ્રિયા સુલે અને શિવસેના સાંસદ શ્રીકાન્ત શિન્દે સામેલ છે. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ પ્રતિનિધિમંડળને રાષ્ટ્રીય એકતાનું શક્તિશાળી પ્રતિક ગણાવ્યું છે.**

---

## સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક

ભુજમાં કલેકટર કચેરી ખાતે આજે જિલ્લાની સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં વિવિધ પદાધિકારીઓએ પ્રજાહિતના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ લાવવા માટે આંતરિક સંકલન કરીને સમયમર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરી ઉકેલ લાવવા જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગોના અધિકારીઓને તાકીદ કરી હતી.

બેઠકમાં સાંસદ વિનોદ ચાવડાએ સરહદી વિસ્તારોની ચોકીઓમાં પાણીના પુરવઠા બાબતે યોગ્ય પગલાં ભરવાની રજૂઆત હતી. માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ બેઠકમાં વયવંદના યોજના, વાહન અકસ્માત યોજના સંલગ્ન પ્રશ્નો , પશુઓને પીવાના પાણીની વ્યવસ્થા તથા મોટા કાંડાગરામાં દબાણ અંગેના પ્રશ્નોની ચર્ચા કરી હતી.

જયારે, અંજારના ધારાસભ્ય ત્રિકમ ભાઈ છાંગાએ જિલ્લાના ઉદ્યોગ ગૃહોમાં સ્થાનિક ભરતીનો મુદો, લીલાશા રેલ્વે અંડરપાસની કામગીરી , ખેડોઈ તથા લાખાપરમાં બેંકની શાખા શરૂ કરવા, ભારાપર-બળદિયા તથા કેરા બાયપાસ અને ટોલ પ્લાઝા સહિતના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ વીજળી , જમીન આકારણી , ખેત વીજ કનેકશન, આધારકાર્ડ, રોજગારી, સી.એસ.આર.ફંડ, બીબ્બર ખાતે ડેમ બનાવવા , નખત્રાણા ટાઉનહોલ, દયાપર સરકારી કોલેજની કામગીરી, ગૂગળના વેચાણ, વન વિભાગને સંલગ્ન પ્રશ્નો તથા શાળા અને આંગણવાડીના પ્રશ્નો રજૂ કર્યા હતા.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ભુજ શહેરમાં લો-વોલ્ટેજની સમસ્યા , સબસ્ટેશન બનાવવા સહિતના મુદે રજૂઆત કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા એ બન્નીના પશુપાલકોને સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે આઇ ખેડૂત પોર્ટલમાં ગામનો સમાવેશ કરવા રજૂઆત કરી હતી. પશુપાલનને લગતી યોજના અંતર્ગત બન્ની વિસ્તારને લાભ મળી શકે તેના માટે રજૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા કલેકટર આનંદ પટેલે "ઓપરેશન સિંદૂર " દરમિયાન કચ્છના વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવી દરેક વિભાગના કર્મયોગીઓની સરાહના કરી હતી.

-------------------------------------------------------------------------------------

## દયાપરમાં તિરંગા રેલી

**ઓપરેશન સિંદૂર માં ભારતીય સૈન્યને મળેલી સફળતાના સમર્થનમાં અનેક શહેરો અને ગામોમાં તિરંગા રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.**

**સરહદી લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે આજે તિરંગા રેલી યોજાઈ હતી. તાલુકા પંચાયત કચેરીથી શરૂ થયેલી આ રેલી બસ સ્ટેશન વિસ્તાર**

અને મુખ્ય બજાર થઈને આઝાદ ચોક સુધી પહોંચી હતી . રેલી દરમિયાન દેશભક્તિના સૂત્રોચ્ચાર અને ગીતોથી દેશપ્રેમનો માહોલ છવાયો હતો.

આ તિરંગા રેલીમાં દયાપર પોલીસ મથક નો સ્ટાફ , હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનો ઉપરાંત દયાપર અને તેની આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં સામાન્ય નાગરિકો જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## ભુજ-મુંબઈ વચ્ચે ત્રીજી હવાઈ સેવાનો પ્રારંભ

પ્રવાસીઓની માંગણીને ધ્યાને રાખીને ભુજ અને મુંબઇ વચ્ચે ત્રીજી હવાઇ સેવાનો આરંભ કરવામાં આવ્યો છે. ભુજ-મુંબઇ વચ્ચે દરરોજ સવારે 8.55 કલાકે એર ઇન્ડિયાની એરબસ અને 8.45 કલાકે એલાયન્સ એરની ફ્લાઇટ ઉડાન ભરે છે. બપોર પછી પણ ભુજ-મુંબઈ વચ્ચે ફ્લાઇટ શરૂ કરવાની માંગણી હતી અને આ સેવા 10 મેથી શરૂ થવાની હતી. પણ તાજેતરની પરિસ્થિતિમાં એરપોર્ટ બંધ હોવાથી આ ફ્લાઈટ સેવા શરુ કરવામાં વિલંબ થયો હતો. હવે ભુજ વિમાનીમથક ખુલી જતા 16 મેથી ભુજ-મુંબઈ વચ્ચે આ ત્રીજી દૈનિક ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે.

એર ઇન્ડિયાની આ 180 બેઠકો ધરાવતી આ ફ્લાઇટ મુંબઇથી બપોરે 12 વાગીને 10 મીનીટે ઉપડી ભુજ ૧ વાગીને 35 મીનીટે પહોંચશે અને ભુજથી દરરોજ બપોરે 2 અને 05 મીનીટે ઉપડી 3 ને 40 મીનીટે મુંબઈ પહોંચવાનો સમયપત્રક નક્કી કરાયો છે. આ નવી હવાઇ સેવાનું અંદાજિત ભાડું સાડા 5 હજાર આસપાસ છે પ્રથમ દિવસે પ્રવાસીઓ તરફથી સારો સહકાર મળ્યો હતો.

હવે દિવસ દરમ્યાન ભુજથી મુંબઇ માટે એર ઇન્ડિયાની બે અને એલાઇન્સ એરની એક તેમજ અમદાવાદ માટે સ્ટાર એરની એક અને દિલ્હી માટે એર ઇન્ડિયાની એક મળી કુલ 5 હવાઈ સેવા ભુજ એરપોર્ટથી ઉપલબ્ધ થઈ છે.

---------------------------------------------------------------------------------

# આઇપીએલ

**ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટનો એક સપ્તાહ બાદ આજથી ફરી પ્રારંભ થઈ રહ્યો છે. બેંગ્લુરુમાં યજમાન રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે સાંજે સાડા સાત વાગ્યે મેચ શરુ થશે.**

**-------------------------------------------------------------------------------------**